સપ્ટેમ્બર ૨૦૦૯ દાદા ભગવાન પરિવારનું કિંમત રૂ. ૧૨/-

# અક્રમ એક્સપ્રેસ



## અક્રમ એક્સપ્રેસ

# ચમત્કાર

## અનુક્રમણિકા


દાદાજી કહે છે.................... ૧
ચમત્કારના નામે
અંધશ્રદ્ધાથી બચો................. ૨
ચમત્કાર કે વિજ્ઞાન?............ ૫
મીઠી યાદેં........................ ૯
આ તો નવી જ વાત !.......... ૧૦
ઐતિહાસિક ગૌરવગાથાઓ..... ૧૨
બાળકો સાથે પૂજ્યશ્રી........... ૧૪
તમારી જાતને ચકાસી જૂઓ!... ૧૫
સીમંધર સીટીની ઝલક.......... ૧૬
ચાલો, જાદુ બતાવું...............૧૭


**બાળમિત્રો,**

તમે અત્યાર સુધી ઘણાં ચમત્કારો જોયા હશે. શરીરમાં માતાજી આવે, હાથમાંથી કંકુ ઝરે, હવામાંથી વસ્તુઓ આવે, ગણપતિની સૂંઢમાં દૂધ નાખો તો એ પી જાય વગેરે વગેરે. આ જોઇને તમને શું થાય ? એવું થતું હશે કે આ તો દેવ-દેવીઓની કૃપા વરસી અથવા તો આ સાક્ષાત્ ભગવાન જ છે.


એવી જ રીતે જાદુ જોઇને પણ તમે મોમાં આંગળા નાખી દેતા હશો કે આવું કઇ રીતે થઇ શકે, ખરું ને?

તો આ ચમત્કારો છે શું ? કેવી રીતે થતા હશે ? આ ગૂઢ રહસ્યો પરમ પૂજ્ય દાદાશ્રીએ ખુલ્લા કર્યા છે.

આપણા જીવનમાં ચમત્કારને કેટલું સ્થાન આપવું જોઇએ? એની દાદાશ્રી સમજણ આપે છે.

તો બાળમિત્રો, હવે પછી જ્યારે કોઇ ચમત્કાર જુઓ ત્યારે આ રહસ્યોને જરૂરથી યાદ કરજો અને સાવધ રહેજો.

**-ડિમ્પલ મહેતા**




**તંત્રી તથા સંપાદક :**
ડિમ્પલભાઈ મહેતા
વર્ષ : ૨, અંક : ૧
સળંગ અંક : ૧૩
**સપ્ટેમ્બર ૨૦૦૯**



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org

**અમદાવાદ:** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
**રાજકોટ ત્રિમંદિર :** ૯૨૭૪૧૧૧૩૯૩
**વડોદરા :** (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
**મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
**U.S.A.:** ૭૮૫-૨૭૧-૦૮૬૯
**U.K.:** ૦૭૯૫૬૪૭૬૨૫૩
**Website:** kids.dadabhagwan.org



**Publisher,Editor & Printed, Published from Dimplebhai Mehta on behalf of Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Print at:-**
**Amba Offset**
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાજી કહે છે



પ્રશ્નકર્તા : ચમત્કાર કોને કહેવાય?

દાદાશ્રી : ચમત્કાર એનું નામ કહેવાય કે બીજો કોઈ કરી શકે જ નહીં, એનું નામ ચમત્કાર !

પ્રશ્નકર્તા : તો આ ચમત્કાર જેવી જે વસ્તુ કહે છે તે 'મેસ્મેરીઝમ' (વશીકરણ) છે ? એ વાસ્તવિકમાં છે શું ?

દાદાશ્રી : ચમત્કાર એટલે મૂરખ બનાવવાનો ધંધો ! આપણને સમજણ ના પડેને, એને આપણે ચમત્કાર કહીએ ! પણ એ હોય છે શું ? એ વિજ્ઞાન છે. જે વિજ્ઞાન આપણે જાણતા ના હોય, એને ચમત્કારરૂપે દેખાડે. બાકી, આ ચમત્કાર જેવું હોતું નથી એટલું તમારે નક્કી માનવું. જ્યાં કિંચિત્‌માત્ર ચમત્કાર છે, એને જાદુગરી કહેવાય.

પ્રશ્નકર્તા : તો આ બધું કાઢે છે, રાખોડી ને ઘડિયાળ ને કંકુ ને ચોખા, એ જાદુગરી છે કે ચમત્કાર છે ?

દાદાશ્રી : જાદુગરી, હાથચાલાકી ! આપણને સમજણ ના પડે એટલે આપણને મનમાં એમ થાય કે ચમત્કાર કર્યો.

પ્રશ્નકર્તા : તો પછી ચમત્કારનું જીવનમાં કેટલું સ્થાન ? ચમત્કાર અંધશ્રદ્ધા તરફ લઈ જાય ખરો ?

દાદાશ્રી : આ બધી અંધશ્રદ્ધા એ જ ચમત્કાર. એટલે ચમત્કાર કરે છેને, એ કહેનારો જ અંધશ્રદ્ધાળુ છે. પોતાની જાતને મૂરખ બનાવે છે તો ય નથી સમજતો ! એટલે ચમત્કારનું જીવનમાં સ્થાન નથી !

પ્રશ્નકર્તા : આ બધા લોકો જે ઘડિયાળ કાઢે છે ને ચમત્કાર કરે છે, આ ચમત્કાર કરવા પાછળનો હેતુ શું છે?

દાદાશ્રી : ચમત્કાર કરીને તેઓ પોતાની મહત્તા (વેલ્યુ) વધારે છે. મહત્તા વધારીને લોકો પાસેથી પોતાનો લાભ ઉઠાવે છે બધો. અને લોકો પણ લાલચુ છે એટલે ફસાવાના જ છે. અને કોઈ પણ માણસ જો લાલચુ હોય તો એને બુદ્ધિશાળી કહેવાય જ નહીં. બુદ્ધિશાળીને લાલચ હોય નહીં અને લાલચ હોય તો બુદ્ધિ છે નહીં ! આવા ચમત્કારમાં સપડાશો નહીં.


**આપણને સમજણ ના પડેને, એને આપણે ચમત્કાર કહીએ છીએ. એ વિજ્ઞાન છે. જે વિજ્ઞાન આપણે જાણતા ના હોઈએ, એને ચમત્કાર રૂપે દેખાડે. બાકી, ચમત્કાર જેવું હોતું જ નથી.**




એક નાનકડું ગામ હતું. તેનું નામ રામપુર હતું. ગામમાં સુરેશ અને મહેશ બે મિત્રો રહેતા હતા. તેઓ બાળપણથી એકબીજા સાથે ભણતાં-રમતાં મોટા થયા હતા. મહેશના લગ્ન થઈ ગયા. જ્યારે સુરેશ વૈરાગી સ્વભાવનો હતો. લગ્ન પછી મહેશના માથે સમગ્ર ઘરની જવાબદારી આવતી ગઈ. માતા-પિતા વૃધ્ધ થઈ ગયા હતા. તેનાથી નાના ભાઈ-બહેનોની જવાબદારી તેના માથે હતી. તેને ત્રણ બાળકો પણ થયા. બે વર્ષ દુકાળના કારણે ખેતી નિષ્ફળ ગઈ. ઘર ચલાવવા મહેશે જમીનદાર પાસેથી જમીન ગીરવે મૂકીને લોન પેટે પૈસા લેવા માંડ્યા. આમ ધીમે ધીમે દેવું વધતું ગયું. મહેશ પર બોજો વધવા માંડ્યો. તેને શું કરવું ખબર પડતી નહતી. તે બીજો ધંધો કરવાના, શહેરમાં જઈને નોકરી કરવાના વિચાર કરવા લાગ્યો.

તે જ અરસામાં ગામમાં એક સાધુ મહારાજ આવ્યા. લોકોને જાત-જાતના ચમત્કાર દેખાડી આકર્ષિત કરવા લાગ્યા. ગામના દુઃખી લોકો આવાં ચમત્કાર જોઈને અંજાવા લાગ્યા. મહેશ પણ સાધુબાબા પાસે પહોંચી ગયો. સાધુએ તેના દુઃખોની વાત સાંભળી તેને 'આ ગ્રહ તમને નડે છે, આટલાં જાપ કરવા પડશે, આટલી વસ્તુઓ આપવી પડશે તો બધું સારું થઈ જશે' એવાં આશ્વાસનો આપ્યા. પછી તેના હાથમાં સિક્કો આપી કોઈ મંત્ર ભણ્યો. થોડીવાર પછી સિક્કો એકદમ ગરમ થઈ ગયો.

# ચમત્કારના નામે અંધશ્રદ્ધાથી બચો






દઝાવાથી મહેશે સિક્કો ફેંકી દીધો. આ જોઈ બાબા બોલ્યા, 'બચ્ચા, તુઝે શાંતિપાઠ કરના હોગા. ઉસકે લીયે કુછ ખર્ચા હોગા, વહ તુઝે દેના પડેગા.' મહેશ આ ઘટનાને સાચી માની 'પોતાનો કોઈ દોષ છે અને તેને દૂર કરવો પડશે' માની વધુ પૈસા ઉધાર લાવી સાધુને આપતો ગયો. રોજ નવો નવો ચમત્કાર બતાવી મહેશને મૂરખ બનાવી સાધુ તેનો લાભ ઊઠાવતો ગયો. આમ મહેશ વધુ પાયમાલ થતો ગયો. મહેશને કોઈ દિશા દેખાતી નહોતી કે હવે શું કરવું ? એવામાં એક દિવસ બાળપણના મિત્ર સુરેશનો ભેટો થઈ ગયો. મહેશની આવી હાલત જોઈ સુરેશ આશ્ચર્ય પામ્યો. મહેશે સઘળી વાત સુરેશને જણાવી. સુરેશને ખબર પડી ગઈ કે આ તો ચમત્કારના નામે ઢોંગ છે. તેણે મહેશને કહ્યું, 'ચાલ, આપણે બન્ને સાધુબાબા પાસે જઈએ.' સુરેશે પોલીસને ઢોંગી બાબાની વાત જણાવી એને પણ સાથે લઈ ગયો. સાધુ પાસે પહોંચી સુરેશે, 'પોતે પણ દુઃખી છે. ઉપાય માટે આવ્યો છે.' એવો ઢોંગ કર્યો. સાધુએ તેને પણ હાથમાં સિક્કો આપી મંત્ર ભણ્યો. થોડીવાર પછી

**"બચ્ચા, તુઝે શાંતિપાઠ કરના હોગા. ઉસકે લીયે કુછ ખર્ચા હોગા, વહ તુઝે દેના પડેગા"**

સિક્કો ગરમ થઈ ગયો. સુરેશે સાધુને સપડાવવા પોતે અંજાઈ ગયો છે એવો ઢોંગ કર્યો. સાધુએ હાથમાંથી કંકુ કાઢ્યું. ત્યારે સુરેશે કહ્યું, 'અરે ! કંકુ શું કાઢો છો ? કંઈક એવી વસ્તુ કાઢો કે લોકોને કામમાં આવે. કેસર કાઢો તો દૂધપાકમાં કામેય લાગે. પૈસા કાઢો તો ગરીબોને દાન આપવા કામ લાગે. ખોટી બનાવટ કરો છો. લોકોને ચમત્કારના નામે છેતરો છો.' બાબાએ ગભરાઈને ભાગવાની કોશિષ કરી. સુરેશે તરત પોલીસને ઈશારો કરી બોલાવીને સાધુને પકડાવી દીધો. સાધુએ કબુલ કર્યું કે તે હાથચાલાકી અને વૈજ્ઞાનિક પ્રયોગોને આધારે ચમત્કારનો દેખાડો કરી લોકોમાં અંધશ્રદ્ધા ફેલાવી લોકોને છેતરતો હતો. પોલીસે તેને બરાબરનો મેથીપાક ચખાડ્યો અને બધાના પૈસા-વસ્તુઓ પાછી આપી દેવા કહ્યું. મહેશને પણ પોતાના પૈસા અને ચીજવસ્તુઓ પાછાં મળ્યા. સુરેશે બાબાને ધમકી આપતાં કહ્યું,' બાબા, સિક્કો ગરમ કઈ રીતે થઈ ગયો એ કહો નહીં તો જેલમાં જવું પડશે.' બાબાએ વીલા મોંઢે કહ્યું,'ધાતુના સિક્કાને કેમીકલ લગાડવાથી તે સિક્કો થોડીવાર પછી રાસાયણિક સંયોજનને કારણે આપોઆપ ગરમ થઈ જાય છે.' જોનારને એવું જ લાગે છે કે ખરેખર ચમત્કાર થયો. પણ આ ચમત્કાર નથી, માત્ર વિજ્ઞાન છે.


આ સાંભળી મહેશે પોતાની જીંદગી બરબાદ થતાં બચાવવા બદલ સુરેશનો આભાર માન્યો અને નવા જીવનની શરૂઆત કરી.


મિત્રો, આજ પછી તમે પણ આવાં ચમત્કાર જુઓ તો ધ્યાન રાખશો ને? છેતરાશો નહીં ને?




# ચમત્કાર કે વિજ્ઞાન?

આનંદે, ગામમાં રહેતા તેના પિતરાઈ ભાઈઓ પાસેથી જાદુઈ બાબા વિશે ઘણું સાંભળ્યું હતું. ગામમાં દરેક જણ માનતા હતા કે ગામની સુખ-સમૃદ્ધિ માટે જાદુઈ બાબાને રાજી રાખવા જરૂરી છે. આનંદ વેકેશન ગાળવા ગામમાં જાય છે.




જાદુઈ બાબાની સામે ધાતુનું પાત્ર હતું. બાબા તેને અડ્યા વગર હવામાં ઊંચકતા. દરેક જણ પાત્રમાં પૈસા મૂકતા અને પછી બાબા એના માટે ભવિષ્યવાણી કરતા.
તમારી ટીમ આવતા વર્ષે જીતશે.
આનંદના ભાઈઓએ પાત્રમાં સો રૂપિયાની નોટ પાત્રમાં મૂકી અને પાત્ર હવામાં ઊંચકાયું. આનંદ, જાદુઈ બાબા અને પાત્રનું અવલોકન કરતો હતો.
આ ખરેખર આશ્ચર્યકારક છે પરંતુ આ યુક્તિ પાછળ જરૂરથી કોઈ વિજ્ઞાન હોવું જોઈએ. આ પાત્ર ધાતુના જેવું દેખાય છે અને તે લોહચુંબકત્વના લીધે હવામાં ઊંચકાતું હોવું જોઈએ.
આનંદે તરત એના વિજ્ઞાનના સરને ફોન જોડી વર્ણન કર્યું.
સર, આવું બની શકે?
હા,જયારે ધાતુ ઉપર વીંટેલા તારના ગુંચળામાંથી વિદ્યુત પ્રવાહ વહે છે ત્યારે તેમાં લોહ ચુંબકત્ત્વ ઉત્પન્ન થાય છે અને આ લોહચુંબકત્ત્વ ફોર્સ લોખંડની વસ્તુઓને આકર્ષે છે.
બાબાએ તારનું ગુંચળું ઉપર સંતાડયું હશે. તેનો હાથ હંમેશા કપડાની નીચે હોય છે, જ્યાંથી તે પ્રવાહ ચાલુ કે બંધ કરી શકતો હશે.


બીજે દિવસે,
બાબા, આ પાત્ર ઘણું જ જૂનું લાગે છે. હું આપના માટે સુંદર પ્લાસ્ટિકનું પાત્ર ખરીદીને લાવ્યો છું. શું આપ આ પાત્રને હવામાં ઊંચકી શકો છો ?
જાદુઈબાબા પ્લાસ્ટિકના પાત્રને ઊંચકી શકયા નહીં.
તું આ રીતે મારી સાથે વાત કરવાની હિંમત કેવી રીતે કરી શકયો ? તારા માતા-પિતા કયાં છે ? હું તેમને શ્રાપ આપીશ.


આનંદે ઝડપથી લોહચુંબકને ખુલ્લો કર્યો અને ત્યાં બેઠેલા લોકોને વિદ્યુત સ્વીચ બતાવી.
આ ચમત્કાર નથી. ફક્ત વિજ્ઞાન છે કે જે વિદ્યુત-ચુંબકત્ત્વના નામે બોલાય છે. લોહચુંબક ફક્ત લોખંડની વસ્તુઓને આકર્ષી શકે, પ્લાસ્ટિકની નહીં. તેથી બાબા પ્લાસ્ટિકના પાત્રને હવામાં ઊંચકી શકયા નહીં. વિજ્ઞાન આપણે નહીં જાણતા હોવાથી આપણે એને ચમત્કાર માનીએ છીએ.
હું પણ આવી યુક્તિ કરી શકું તેમ છું.
આનંદે સ્વીચ ચાલુ કરતા ધાતુનું પાત્ર ફરીથી હવામાં ઊંચકાયું.
બાપ રે!
બાબા આ જોઈ ભોંઠા પડી ગયા. લોકોએ એમને બરાબરનો મેથીપાક ચખાડ્યો. અને લોકો પાસેથી છેતરપીંડીથી ભેગી કરેલી વસ્તુઓ અને પૈસા જપ્ત કરી લીધા.
યાદ રાખજો, જેમાં બીજા સાધનોની જરૂર પડે એને ચમત્કાર કહેવાય નહીં.

# મીઠી યાદ

દાદા અઠ્ઠાવીસ વર્ષના હતા ત્યારે એક દિવસ દસેક મિત્રો સાથે બેઠા હતા. ત્યારે અચાનક ચમત્કારની વાત નીકળી. એ જમાનામાં લોકો ચમત્કારથી બહુ અંજાઈ જતા હતા. દાદા બોલી ઉઠ્યા, 'શું ચમત્કાર ચમત્કાર કરો છો ? લો, હું યે ચમત્કાર કરી આપું.' બધા કહે, 'તમે શું ચમત્કાર કરો છો ?' દાદા કહે, 'આ કાગળ છે. એની કઢાઈમાં ભજીયાં તળી આપું, બોલો !' બધા કહે, 'અરે, એવું હોતું હશે ? કેવી વાતો કરો છો ?' દાદાએ કહ્યું,' કાગળની કઢાઈ કરી, મહીં તેલ રેડીને, સ્ટવ ઉપર મૂકીને ભજીયાં કરી આપું અને તમને બધાને ખવડાવું.' અંતે બધાની વચ્ચે આ પ્રયોગ કરી દેખાડવાનું નક્કી થયું.

વડોદરામાં ન્યાય મંદિર છે, તેનો મોટો સેન્ટ્રલ હોલ હતો. ત્યાં એક જણની ઓળખાણ હતી. એટલે એ હોલમાં આ યોગ કરવાનું રાખ્યું. બહુ માણસ ભેગા થયા ન હતા. દાદા ને એમના દસ મિત્રો ને બીજા પાંચ-પચ્ચીસ માણસ હતા. ત્યાં દાદાએ આ યોગ કર્યો. એક સ્ટવ મંગાવ્યો, કાગળની કઢાઈ બનાવી અને ભજીયાંનું ખીરું બનાવ્યું. પછી તેલ મૂક્યું અને કઢાઈ સ્ટવ ઉપર મૂકતાંની સાથે જ પહેલું દાદાએ હાથ ઊંચાનીચા કરી જાદુમંતર કરે એવો અભિનય કર્યો. એટલે બધા એમ સમજ્યા કે આ કંઈક મંત્ર ભણ્યો ! કારણ કે એવું ના કરે તો લોકોને ચમત્કાર જેવું લાગે નહીં. પછી દાદાએ કઢાઈ સ્ટવ પર મૂકી. તેલ ઊકળ્યું એટલે એક-એક ભજીયું મહીં મૂક્યું. ભજીયું તો મહીં કૂદાકૂદ કરવા માંડ્યું ! આમ દસ-બાર ભજીયાં કાઢ્યા ને બધાને એક-એક ખવડાવ્યું. બધા તો જોઈ જ રહ્યા. દાદાને કહે, 'તમે તો ચમત્કાર જાણો છો, નહીં તો આ તે કંઈ થાય ?' દાદાએ કહ્યું, 'આ તને શીખવાડું એટલે તું ય કરી શકે. જે બીજાને આવડે, એને ચમત્કાર કહેવાય નહીં. એટલે કોઈ પણ માણસ એવો નથી કે જેને ચમત્કાર આવડે. આ તો બધું વિજ્ઞાન છે. વિજ્ઞાનનો સ્વભાવ છે, કે કાગળમાં અમુક સ્થિતિમાં તેલ મૂકો તો કાગળ બળી જાય છે ને અમુક સ્થિતિમાં કાગળ નથી બળતો. કાગળનો સ્વભાવ જ એવો છે કે જો નીચે સહેજ પણ તેલ ચોંટેલું હોય ને, તો ભડકો થાય.'

બધા : પણ કાગળ તો તેલ પીએને ?

દાદા : હા, તેલ પીએ. અંદર તેલ પીધેલો દેખાય આપણને. એનો ડાઘ દેખાય. પણ તેલ કાગળની બહાર ચોંટેલું ના હોય તો કાગળ સળગે નહીં. એ કાગળનો વૈજ્ઞાનિક સ્વભાવ છે! બુદ્ધિ તો એમ જ કહેને કે અગ્નિ કાગળને બાળી મૂકે અને તેલવાળું હોય એટલે વહેલું બળી જાય. પણ ના, કાગળની નીચે તેલ ચોંટેલું હોય તો જ બળી જાય. એટલે વિજ્ઞાન નહીં જાણવાથી લોકો આને ચમત્કાર તરીકે માને છે !

આમ દાદાએ લોકોને ચમત્કારનું સાચું સ્વરૂપ દેખાડી અંધશ્રદ્ધામાંથી વાસ્તવિકતા તરફ વાળ્યા હતા.






ચમત્કાર એનું નામ કહેવાય
કે જે બીજો કોઈ કરી
શકે જ નહીં. જે વિદ્યા બીજાને
શીખવવામાં આવે અને બીજો કરે
તો પછી એને ચમત્કાર ના કહેવાય.

# આ તો નવી


ચમત્કાર કોને કહેવાય ?
જેમાં કોઈ વસ્તુની કે સાધનની
જરૂર ન પડે.


તું ચમત્કાર કરનારો હોય તો એવો ચમત્કાર કરને કે ભાઈ, આ દેશને અનાજ બહારથી ના લાવવું પડે. પણ આવું વિચાર્યું જ નહીંને !

# જ વાત !


આ સૂર્યનારાયણ હાથમાં લઈ આવે કે દેવલોકોને અહીં બોલાવીને દર્શન કરાવે, તો ય આપણને શું ફાયદો ? આપણી એક ટંકની ભૂખ ના મટે !




# ઐતિહાસિક

એક દિવસ મગધ દેશના રાજા શ્રેણિક ઘોડેસવારી કરતાં જંગલમાં પહોંચી જાય છે. ત્યાં એક યુવાન, રૂપાળા અને તેજસ્વી મુનિને ધ્યાનમાં બેઠેલા જુએ છે. તેમનું નામ હતું અનાથી મુનિ. તેમનું રૂપ જોઈને રાજા અત્યંત આનંદ પામે છે. રાજા ખૂબ વિનયપૂર્વક મુનિને પૂછે છે, ' તમને એવું તે શું દુઃખ પડી ગયું છે કે આ ભરયુવાનીમાં બધું ત્યાગ કરીને બેઠા છો ? સંસારના ભોગ ભોગવવા સંસારમાં પાછા આવો.' મુનિએ કહ્યું,' રાજન, આ સંસારમાં હું અનાથ છું. આથી વૈરાગ્ય પામી મેં સંસારનો ત્યાગ કર્યો છે. હવે મારે સંસારમાં પાછા નથી આવવું.'

આ સાંભળી રાજાએ કહ્યું,' ઓહ! આટલી જ વાત છે! મુનિ, હું તમારો નાથ બનવા તૈયાર છું. હું તમારો બધો જ ભાર મારા માથે રાખીશ. હવે તો સંસારમાં પાછા આવો.'

અનાથી મુનિએ શ્રેણિકને કહ્યું, 'અરે શ્રેણીક! મગધ દેશના રાજા. તમે પોતે જ અનાથ છો તો મારો નાથ શું થશો?' મુનિના વચનથી રાજા આશ્ચર્ય પામ્યો કે મારી પાસે તો સર્વ સાધન સંપત્તિ છે, પુષ્કળ ધન વૈભવ છે, પત્ની-પુત્રાદિથી હું સુખી છું, બધા જ પ્રકારના ભોગ મને પ્રાપ્ત છે, વિશાળ સૈન્યથી હું સજ્જ છું, કેટલાયે રાજ્યો મને આધીન છે, બધા મારી આજ્ઞા માને છે, દુનિયાની કઈ વસ્તુ જો મને જોઈએ છે અને મારી પાસે નથી? બધું હોવા છતાં હું અનાથ કઈ રીતે હોઉં ?'



"રાજન, આ સંસારમાં હું અનાથ છું. આથી વૈરાગ્ય પામી મેં સંસારનો ત્યાગ કર્યો છે. હવે મારે સંસારમાં પાછા નથી આવવું."

મુનિએ કહ્યું, 'હે રાજન ! મારી વાત તમે બરાબર સમજ્યા નથી. હું તમને મારી વાત કરું, જેથી તમારી શંકાનું સમાધાન થાય.' આમ કહી મુનિ રાજાને પોતાની વાત કહી સંભળાવે છે.

'કૌશાંબી નામની સુંદર નગરીનો હું રહેવાસી હતો. મારા પિતાનું નામ ધનસંચય હતું. તેઓ ખૂબ સંપત્તિવાળા હતા. એક દિવસ મને આંખોમાં અસહ્ય વેદના ઉત્પન્ન થઈ અને આખા શરીરે લ્હાય બળે. આ વેદનાથી હું બહુ દુઃખી હતો. અનેક પ્રકારની



# ગૌરવગાથાઓ


મટ્યું નહીં. મારા માતા-પિતા, ભાઈ-બહેન બધાએ મારી વેદના ટાળવા ખૂબ પ્રયત્નો કર્યા. પણ કોઈ મારું દુઃખ મટાડી શક્યું નહીં, વેદના લઈ શક્યું નહીં. હે રાજા શ્રેણિક, આ જ મારું અનાથપણું હતું. સર્વ સાધન સંપત્તિ, સગા-સંબંધીઓ ત્યારે મારી પાસે હોવા છતાં કોઈના પ્રેમ, કોઈના ઔષધથી કે કોઈના પરિશ્રમથી મારો રોગ મટ્યો નહીં. હું સંસારથી ખૂબ દુઃખી થઈ ગયો. એક રાત્રે મને વૈરાગ્ય આવ્યો અને મેં નક્કી કર્યુ કે જો મારો રોગ મટી જાય તો હું દીક્ષા લઈ લઉં. તે રાત્રી વીતી ગઈ. મારી વેદના પણ મટી ગઈ. હું નિરોગી થયો. માતા-પિતા, સ્વજનો, ભાઈ-બંધુ બધાને પૂછી મેં દીક્ષા લીધી. જ્યારથી મેં ભગવાનનું શરણું લેવાનું નક્કી કર્યું ત્યારથી હું અનાથમાંથી સનાથ થયો.'


રાજા ખૂબ કુતૂહલતાથી મુનિની આપવીતી સાંભળતા હતા. મુનિએ રાજાને પૂછ્યું,' રાજન, હવે કહો, તમારી સર્વ સાધન સંપત્તિ, ધન વૈભવ, પત્ની-પુત્રાદિ સ્વજનો, વિશાળ સૈન્ય આમાંથી કોઈ તમારી વેદનાનું દુઃખ લઈ શકે એમ છે?'

રાજાએ ના પાડતાં બે હાથ જોડી કહ્યું,' મુનિવર, આપ ધન્ય છો. આ ભરયુવાનીમાં આપ આત્મકલ્યાણના પંથે ચાલી નીકળ્યા છો. મેં તમને સંસારમાં પાછા આવવા માટેની જે તુચ્છ વાત કરી એ બદલ હું આપની માફી માંગું છું. મને માફ કરો.'

આમ કહી શ્રેણિક રાજા મુની પાસેથી પ્રાપ્ત થયેલા બોધને ગ્રહણ કરી ધન્યભાવે મહેલમાં પાછા ફરે છે.

મિત્રો, આપણી પાસે ગમે તેટલી સંપત્તિ, ભણત્તર, વિદ્યા કે રૂપ હોય પણ જ્યાં સુધી ભગવાનનું શરણું પ્રાપ્ત નથી થતું ત્યાં સુધી આપણે અનાથ જ છીએ. જ્ઞાનીપુરુષ આપણને આત્મા પ્રાપ્ત કરાવડાવે છે અને ભગવાન સાથે સાંધો મેળવી આપે છે. ત્યાર બાદ આપણે એમના આશ્રિત થવાથી સનાથ થઈએ છીએ.





# બાળકો સાથે પૂજ્યશ્રી

પ્રશ્નકર્તાઃ દાદા, નીરુમા અને તમે, તમારા ત્રણ વચ્ચે કોઈ દહાડો ઝઘડો થયો છે ?

પૂજ્યશ્રીઃ ના, નથી થયો. કોઈ દાહડો નથી થયો. નીરુમા દાદાના પરમ વિનયમાં રહેતા'તા અને જ્યાં પરમ વિનય હોય ને, ત્યાં કોઈ દહાડો ઝઘડો ના હોય. અને હું નીરુમાના પરમ વિનયમાં રહેતો'તો, દાદાના ય પરમ વિનયમાં રહેતો'તો. તો મારે ય કોઈ દહાડો એમની સાથે ઝઘડો થયો નથી. મારે મમ્મી-પપ્પા સાથે ય ઝઘડો થયો નથી ને. મેં મમ્મી-પપ્પાની કોઈ દા'ડો ભૂલ જોઈ નથી. હા, કોઈક દા'ડો મને વઢ્યા હશે, સત્સંગની બાબતમાં. તો ય મેં એમના દોષ જોયા નથી, ઝઘડો કર્યો નથી, દલીલે ય કરી નથી. મેં હંમેશા મારી ભૂલ સ્વીકારી છે કે તમે કહો છો, ભૂલ છે, એ બરાબર છે. ભાવના છે કે મારે આ સત્સંગ જોઈએ છે. પછી એ રાજી થયા ત્યાર બાદ મને સત્સંગ મળ્યો. ભૂલ જોવાય નહીં, ઝઘડો તો કરાય જ નહીં. મેં કોઈની સાથે ઝઘડા કર્યા જ નથી. મને ફાવે જ નહીં ઝઘડો કરવાનો.



---

પ્રશ્નકર્તાઃ મારાથી કોઈને પણ દુઃખ અપાઈ જાય છે. કોઈ ફ્રેન્ડ જોડે કે બીજા કોઈની જોડે વાતો કરીએ તો એની જોડે અપશબ્દ બોલાય જાય છે.

પૂજ્યશ્રીઃ તે પછી પ્રતિક્રમણ કરે છે ને ?

પ્રશ્નકર્તાઃ હા.

પૂજ્યશ્રીઃ તો કલાક બેસીને તે દા'ડે ખૂબ માફી માંગવાની. આપણને કોઈને દુઃખ આપવાનો અધિકાર છે ? સુખ ના અપાય તો દુઃખ તો ના જ આપશો. દાદા તો કેવો જીવનનો ધ્યેય રાખતા! આખી જીંદગીમાં મને જે ભેગો થયો એ બધાને મારે સુખ જ આપવું છે. બોલો, દુઃખ તો ના આપ્યું અને બધાને સુખ જ આપ્યું. હવે આપણે એટલું બધું સુખ તો ના આપી શકીએ તો કંઈ નહીં પણ દુઃખ તો આપવાનું બંધ કરો. તે દિવસે મોટું પ્રતિક્રમણ કરવાનું અને ખરાબ શબ્દ બોલવો એ વાણીનો દુરુપયોગ કર્યો કહેવાય. વાણીનો જો દુરુપયોગ કરે ને તો કોઈ આપણું સાંભળવા ય ઊભું ના રહે, બધા ભાગી જાય. માટે નક્કી કર કે મારે કોઈને દુઃખ નથી આપવું અને થઈ જાય તો માફી માંગજે. દાદા પાસે બરોબર શક્તિ માંગ અને પેલી પાંચમી કલમ લખી છે ને 'કોઈ કઠોર ભાષા, તંતીલી ભાષા બોલે તો યે મને મૃદુ-ઋજુભાષા બોલવાની શક્તિ આપો' એ બોલજે.



# તમારી જાતને ચકાસી જુઓ

## જોડકા જોડો.

| | |
|---|---|
| ૧) તમે ટી.વી. પર જાદુનો પ્રોગ્રામ જોઈ રહ્યા છો. મુખ્ય જાદુગર એના આસીસ્ટન્ટની મદદથી જાદુ કરી રહ્યો છે. | અ) ચમત્કાર કોઈને શીખવાડી ન શકાય. |
| ૨) તમારો મિત્ર તમને પત્તાનો જાદુ બતાવી રહ્યો છે, જે એ એના દાદા પાસેથી શીખ્યો હતો. | બ) વિજ્ઞાન ન જાણવાથી આપણે એને ચમત્કાર માનીએ છીએ. |
| ૩) એક સાધુ બાબા એની પાસેના વાસણને હાથ અડાડયા વગર હવામાં ઉડાડે છે. | ક) ચમત્કારમાં કોઈ વસ્તુની કે વ્યક્તિની જરૂર નથી પડતી. |

## મારી સમજણ

૧) જો તમને એક દિવસ માટે ચમત્કાર કરવાની સત્તા મળે અને એ ચમત્કાર તમે પોતાના ફાયદા માટે જ કરી શકો એવું હોય તો તમે શું કરશો ? એવી દસ વસ્તુઓનું લીસ્ટ બનાવો.

૨) હવે ધારો કે તમને બીજાના ફાયદા માટે ચમત્કાર કરવાની સત્તા આપવામાં આવે, પોતાના માટે નહીં, તો તમે શું કરશો ? દસ વસ્તુઓનું લીસ્ટ બનાવો.

૩) બન્ને લીસ્ટ બની ગયા ? બહુ સરસ. હવે બન્ને લીસ્ટ વાંચો અને વિચારો કે તમને તમારા માટેનું લીસ્ટ બનાવતી વખતે વધુ આનંદ થયો હતો કે બીજા માટેનું લીસ્ટ બનાવતી વખતે ?

## ગયા અંકની કલમ 'મારી સમજણ'નો પ્રતિભાવ

૧) હું ક્લાસ મોનિટર છું. મારા ક્લાસમાં એક વિદ્યાર્થી રોજ ચાલું ક્લાસે મસ્તી કરે છે. તો એક દિવસ તેની સાથે બેસી શાંતિથી અને પ્રેમથી હું એને સમજાવીશ, કે આપણે સ્કૂલમાં ભણવા આવીએ છીએ તો આપણે શાંતિથી ભણવું જોઈએ અને બીજા વિદ્યાર્થીઓને પણ શાંતિથી ભણવા દેવું જોઈએ. આમકરવાથી બધાં વિદ્યાર્થીઓ સારી રીતે ભણી શકશે અને ટીચર પણ તારી પર ગુસ્સો નહીં કરે અને બધા તને ખૂબ સારી રીતે બોલાવશે. તું બધાનો વ્હાલો બની જઈશ.

૨) ચાલુ ક્લાસે મસ્તી કરતો હોવા છતા મેં એના પર ગુસ્સો ન કરતાં શાંતિથી અને પ્રેમથી સમજાવવાનું પસંદ કર્યું કારણકે ગુસ્સો કરવાથી કોઈ પણ કામબગડે છે અને હું તેના પર ગુસ્સો કરત તો એ વધારે મસ્તી કરત અને ગુસ્સો કરવાથી એને ખરાબ લાગત. શાંતિથી વાત કરવાથી એ સમજશે અને એને પણ પોતાની ભૂલનો અહેસાસ થશે અને એ ડાહ્યો બની જશે. ફરી મસ્તી નહીં કરે. અને ભણવામાં પણ ધ્યાન આપશે.

નામ: ભક્તિ ચેતનભાઈ પારેખ, વડોદરા
ઉંમર : ૭ વર્ષ

સૌને લાગે મારા છે દાદા ભગવાન
એનું નામ મોટામાં મોટો ચમત્કાર!!!

# ચાલો, જાદુ બતાવું



## કેલ્કયુલેટર તૈયાર રાખો અને સૂચના પ્રમાણે કરો.


૧) અઠવાડિયામાં કેટલી વાર તમે ફરવા જવાનું પસંદ કરો છો ?
૨) એ આંકડાને ૨ વડે ગુણાકાર કરો.
૩) એમાં ૫ ઉમેરો
૪) એને ફરીથી ૫૦ વડે ગુણાકાર કરો.
૫) જો આ વર્ષમાં તમારી બર્થ ડે (જન્મદિવસ) આવી ગઈ હોય તો ૧૭૫૯ ઉમેરો અને જો ન આવી હોય તો ૧૭૫૮ ઉમેરો.
૬) તમારો જન્મ જે સાલમાં થયો હોય એ સાલને બાદ કરો. (દા.ત. ૧૯૮૦, ૧૯૯૫ વગેરે)

હવે જૂઓ જાદુ !
૧) તમારો જવાબ ત્રણ આંકડામાં આવ્યો હશે.
૨) પહેલો આંકડો તમે અઠવાડિયામાં જેટલી વાર ફરવા જવાનું પસંદ કરો છો એ છે. છેલ્લા બે આંકડા તમારી ઉંમર દર્શાવે છે.

જોયું અમારું જાદુ !! પણ મિત્રો, યાદ રાખજો, આ જાદુ ફક્ત ૨૦૦૯ની સાલ પૂરતું જ સાચુ પરિણામ આપશે. માટે ૨૦૦૯ની સાલ પૂરી થાય એ પહેલા બધાને બતાવજો.



## કિડ્સ કેમ્પમાં બાળકો દ્વારા દોરાયેલા ચિત્રો.



રાજવી બી. સંઘવી, ઉંમર – ૧૧ વર્ષ,મુંબઈ




સ્નેહ જીજ્ઞેશ દેઢીયા,ઉંમર–૯ વર્ષ,મુંબઈ



તેજશ્રી એસ. મેહતા,ઉંમર – ૧૦ વર્ષ,મુંબઈ

Akram Express
September 2009
Year : 2, Issue : 1
Conti. Issue No.: 13


RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/09-11
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month














Visit us at: kids.dadabhagwan.org

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.

Akram Express
September 2009
Year : 2, Issue : 1
Conti. Issue No.: 13


RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/09-11
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month












Visit us at: **kids.dadabhagwan.org**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.